**વડીલોને વંદન**
**અભિનંદન**



સુનીતાબેન સોમાભાઈ પરમાર
(૧૯૩૭) ફોનઃ ૨૩૨૪૮૪૮૫

# રાજ્યની જેલોમાં દર સપ્તાહમાં જ ચેકીંગની પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે સાબરમતી જેલ સુરંગ પ્રકરણ વિશે કોંગ્રેસના સભ્ય દ્વારા રજૂ કરાયેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર સત્તાવાર નિવેદન કરતાં મુખ્યમંત્રી (ગૃહ) વતી ગૃહ રાજ્યમંત્રી રજની પટેલે આ ઘટના કેવી રીતે બની અને કેવી રીતે આ પ્રકરણ બહાર આવ્યું તથા ભવિષ્યમાં આવી કોઈ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે રાજ્ય સરકારે લીધેલા પગલાનું વિસ્તૃત વર્ણન કર્યું હતું.તેમણે કહ્યું હતું કે રાજ્યની જેલોમાં દર સપ્તાહમાં ખાસ તપાસ હાથ ધરવામાં આવશે. ફરી આવા બનાવ ન બને તેની ખાતરી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ ફરજ પરના સુબેદાર દ્વારા ફરજના ભાગરૂપે છોટા ચક્કર યાર્ડ નં.૪/૧માં રાઉન્ડ લેવામાં આવતાં બેરેકના પાછળના ભાગે પક્ષીઓ પકડવા માટેની જાળ પાથરેલ હોવાનું જણાઈ આવેલ. જે સંદર્ભે તપાસ કરતાં બેરેકની પાછળના ભાગે પાણીની ટાંકી પાછળ જમીનના ભાગે એક ધાબળો તથા તે ઉપર સુકું ઘાસ નાખેલ હોવાનું જણાતાં ધાબળો હટાવી જોતા એક ખાડો ખોદેલ હોવાનું જણાઈ આવેલ. આ અંગે ઉપરી અધિકારીઓને તે બાબતની જાણ કરેલ. ફરજ ઉપરના અધિકારી દ્વારા બનાવના સ્થળે ખાડાની તપાસ કરતા જમીનની અંદર ઉંડો ખાડો જણાઈ આવેલ. તપાસ કરતા યાર્ડ નં.૪/૧ આફટર નામની બેરેકમાં રાખવામાં આવેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસના આરોપીઓ દ્વારા ભાગી જવાના નિષ્ફળ પ્રયાસરૂપ આ ખાડો ખોદવામાં આવ્યાનું જણાઈ આવતા બેરેકના આ ૧૪ કેદીઓ વિરૂદ્ધ પ્રિઝન એક્ટની કલમ-૪૫ હેઠળ રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી તપાસ કરવામાં આવી રહેલ છે.આ કિસ્સામાં ક્રાઈમ બ્રાન્ચની પ્રાથમિક તપાસમાં મુખ્ય સુત્રધારો (૧) હાફિઝ હુસેન ઉર્ફે અદનાન (૨) સીબલી અબ્દુલ કરીમ અને (૩) સાદુલી ઉર્ફે હારીસ અબ્દુલ કરીમ કે જેઓ નિષ્ણાંત અને ઈજનેરની ડિગ્રી ધરાવે છે અને આરોપીઓને તેમની સામેનો કેસ મજબુત હોવાનું જણાતાં હતાશા અનુભવતા તેઓએ એસ્બેસ્ટોસ શીટના ટુકડા, તુટેલી પાઈપના ટુકડા તથા લાકડાના અણીવાળા ભાગને ખોદવાના સાધન તરીકે ઉપયોગ કરી ૧૬ ફુટ ઉંડી અને ૨૬ ફુટ લાંબી સુરંગ ખોદેલ હતી. આરોપીઓને કોઈપણ વસ્તુ બહારથી પહોંચાડવામાં આવી નથી.



અમદાવાદના વીજળી ઘર પાસે આવેલી રિપબ્લિક સ્કુલ પાસે ગટરનું ગંદુ પાણી રોડ પર ફરી વળતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

## સરદાર વલ્લભભાઈ પટેલ શાળામાં વિશ્વ માતૃભાષા દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર ખાતે વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

ગીર ફાઉન્ડેશન ખાતે આર.એફ.ઓ. તરીકે ફરજ બજાવતા પ્રકૃતિ પ્રેમી સાહિત્યકાર નટવર હેડાઉ તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રતિનિધિ અશ્વિન ત્રિવેદી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાતી ભાષાનાં મૂળ ઉદ્‌ભવની માહિતી આપી હતી. ગુજરાતી ભાષાના વાંચનથી માંડીને તેની જાળવણી અને તેનું જતન કરવાની પ્રેરણા આપી હતી. શાળાના વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાથી સુમાહિતીગાર કર્યા હતા. નટવર હેડાઉની આ પ્રસંગે 'વન વંદના' માંના 'જંગલ' કાવ્યનું પઠન કે.જી. બારોટે કર્યું હતું. શાળાના મ.શિ. ડી.આઈ. પઢિયારે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અસ.આર. જોષીના માર્ગદર્શન હેઠળ શાળાના મ.શિ. કે.જી. બારોટે કર્યું હતું.

## સુરપુરા ગામે ગોગા મહારજનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

ઈડર, તા. ૨૧

ઈડરથી પશ્ચિમ તરફ આવેલ સાબરમતી નદીના કિનારે વસેલ સુરાપુરા ગામમાં નવ નિર્માણ પામેલ ગોગા મહારાજ, જોધમાતા- ચેહર માતા, સધી માતા, મેલડી માતા અને વીર મહારાજની જ્યોત પ્રતિષ્ઠા કરવા મંદિર પરિસરમાં સતત ત્રણ દિવસ ભક્તો દ્વારા પૂજા યજ્ઞ કર્મ કરવામાં આવ્યું હતું. જેમાં બાવીસ દંપતી જોડાયા હતા.

આ ધાર્મિક પ્રસંગે બેન્ડબાજાના નાદ સાથે શોભાયાત્રા, દેવનગર યાત્રા, ધજા આરોહણ, અભિશેક, દેવી રાજોપચાર પૂજા વગેર કર્મકાંડ સતત ત્રણ દિવસ દરમિયાનઅગ્યાર ભૂદેવો દ્વારા વેદમંત્રથી કરવામાં આવ્યું હતું. આથી વાતાવરણ દેવા અરચીત થઈ ગયું હતું.

આ પ્રંસગે ઉપસ્થિત દાતાઓ ભૂવાજીઓ પધારેલા ગુરૂજનોને શાલા અને ફુલહારથી સન્માનીત કરવામાં આવ્યા હતાં. મુખ્ય મહેમાન તરીકે સાગરભ્હી રબારી, અલ્પેશભાઈ વ્યાસ, ભીખુભાઈ માલધારી, બાબુભાઈ રબારી, બાબરભાઈ રબારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને આ ધાર્મિક કાર્યક્રમની કર્મકાંડ વિધિ જનકભ્હી શાસ્ત્રીએ કરી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. બળદેવગીરી બાપુ, સુરજગીરી બાપુ, નટવરગીરી બાપુ, બળદેવગીરી, મહંત શ્રવણ ભારથીજી માણેકનાથ, વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમણે એમ પણ લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે, કોઈ એકમને વેરાવસુલાતમાં માફી આપવામાં આવી નથી.

સિવીલમાં ડાયટ મેનુ પ્રમાણે ભોજન અપાય છે

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ડાયટ મેનુ પ્રમાણે ભોજન અપાતું નથી તેવા કોંગીના ધારાસભ્યોશ્રી બાવકુભાઈ ઉઘાડ અને શ્રી મહેન્દ્રસિંહ બારૈયા અને શ્રી પી.આઈ. પટેલે એ પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીશ્રી નીતિનભ્હી પટેલે જણાવ્યું છે કે, ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી સિવીલના દર્દીઓને ડાયટ મેનુ પ્રમાણે જ ભોજન પીરસવામાં આવી રહ્યું છે.

આ અંગેની કોઈ ફરિયાદ ન મળી હોવાથી તપાસ કરવાની થતી નથી તેમ પણ તેમણે જણાવ્યું હતું.

સી.એચ.સી.પી. એસ.સી.ની ખાલી જગ્યાઓ

કોંગીના ધારાસભ્યોશ્રી બળદેવજી ઠાકોરે જિલ્લા સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ખાલી જગ્યા અંગે પૂછેલાં લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એક પણ ડૉકટરની જગ્યા ખાલી નથી. જયારે સામુહિત આરોગ્ય કેન્દ્ર અડાલજમાં તજજ્ઞ વર્ગ-૧ની ૧ તથા દંતસર્જન વર્ગ-૨ની એક એમ કુલ-૨ જગ્યાઓ ખાલી છે.

આરોગ્ય મંત્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૭ સામુહિત આરોગ્ય કેન્દ્રો તથા ૨૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રો અડાલજ, નારદીપુર, ચરાડા, સાદરા, દહેગામ, ઢાલા અને રખિયાલમાં કાર્યરત છે. જયારે પ્રાંતિયા, વડોદરા, ઉવારસદ, રૂપાલ, દેવ મુવાડા, કડજોદરા, બહીયલ, સઈજ, પાનસર, મોખાસણ, બિલોદરા, મહુડી, ડભોડા, સુઘડ, આદરજ, ઉનાવા, ઈટાદરા, સાંપા, સાણોદા, સોજા, રાંચરડા, હાજીપુર, વરસોડા અને પુંદરાનો સમાવેશ થાય છે.


## ખેરાલુ કોલેજમાં પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ખેરાલુ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને ગુજરાતી સાહિત્ય અકાદમી ગાંધીનગરના સહયોગથી હિન્દી વિષય અને ગુજરાતી વિષયમાં પરિસંવાદ યોજાયો હતો.

હિન્દી વિષયમાં આત્મકથા સાહિત્ય અને ગુજરાતી વિષયમાં પાટપૂજા અને પીરપરંપર વિષય પર તાજેતરમાં પરિસંવાદ યોજાયો હતો. જેમાં જ્ઞાનપીઠ એવોર્ડ પ્રવર સમિતિ દિલ્હીના સદસ્ય અને લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ બીજ વક્તવ્ય આપ્યું હતું. સંત સાહિત્યના મર્મજ્ઞ ડૉ. નિરંજન રાજ્યગુરુએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. પ્રિ. રણછોડભાઈ ચૌધરી દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મોહનભાઈ દેસાઈનું અધ્યક્ષીય પ્રવચન તથા પરિસંવાદના સંયોજક ડૉ. નરસિંહદાસ વણકર, પ્રા. બી. જે. ચૌધરી, પ્રા. દેવેન્દ્ર વાઘેલા, ડૉ. મીનાબેન પટેલ, પ્રા. વિનયકાન્ત પરમાર, વિજયભાઈ ભાવસાર સહિત કોલેજ પરિવારે પરિસંવાદને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## શબ્દાવલી - ૪૯૮૬




**આડી ચાવી**

૧. ફરીવાર શરૂથી, ...થી (૪)
૫. પૈસા છાપવાનું મશીન (૪)
૬. લોખંડ પલળવાથી જામતો મેલ (૨)
૭. સાતડ એકડ... થાય (૪)
૧૦. ક્ષણ, પલ (૨)
૧૧. હૃદય, દિલ (૩)
૧૩. આમંત્રણ (૪)
૧૪. જુગારની એક રમત (૩)
૧૫. જીદ્દ, મમતા (૩)
૧૬. કારણે સાથે (૪)

**ઊભી ચાવી**

૧. ના પાડવી તે, ...ભણવો (૩)
૨. અવાજ સાથે પ્રવાહીનો ઘુંટડો ભરવો તે (૪)
૩. સંકટ, વિપરીત પરિસ્થિતિ (૩)
૪. સિંહની કેશવાળી (૨)
૫. ધનુષ્યથી કરાતો અવાજ (૩)
૭. આબરૂ (૩)
૮. લોટમાં મોણ નાખવા ઘી કે... જોઈએ (૨)
૯. દલદલ (૩)
૧૦. જર્નાલીસ્ટ (૪)
૧૧. છેવટનું, છેલ્લું (૩)
૧૨. ખેલ, ગેઈમ (૩)
૧૩. આયાતનો વિરોધી શબ્દ (૩)

### શબ્દાવલી ૪૯૮૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઝંઝાવાત (૪) પૂજારી (૭) રમત (૮) ટકટક (૯) કોણી (૧૦) ટપોરી (૧૩) આગગાડી (૧૫) ફાકા (૧૬) માટલુ (૧૭) લાશ (૧૮) ઠીકઠીક

**ઊભી ચાવી :-** (૧) ઝાટકણી (૩) તલ્લાક (૪) પૂરણપોળી (૫) જામ (૬) રીત (૮) ટકોર (૧૧) વગ (૧૨) બકાલુ (૧૩) આક્રોશ (૧૪) ગામઠી (૧૫) ફાટક (૧૬) માઠી

## સભાત્યાગ..

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નહિ. અધ્યક્ષના આ જવાબ સામે પણ સર્જાયેલા વિરોધ વચ્ચે વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ બાજી હાથમાં લેતા જણાવ્યું હતું કે, સાબરમતી જેલના સુરંગ પ્રકરણ જેવા ગંભીર અને અતિસંવેદનશીલ મુદ્દે અમે કોઈપણ પ્રકારની રાજનીતિ કરવા માંગતા નથી. પરંતુ સાબરમતી જેલ જ્યારે હાઈસિક્યુરીટી માટે પ્રખ્યાત છે અને રાજ્ય સરકાર પારદર્શક વહીવટની વાત કરતી હોય ત્યારે આ અત્યંત સંવેદનશીલ ઘટનાની તપાસ કરવા તપાસપક્ષના એક એક ધારાસભ્યોની તપાસ સમિતિની રચના કરવી જોઈએ. તેવો હું આગ્રહ કરું છું. ગૃહમંત્રીએ ફરીથી આ માત્ર સૂચન છે તેવું રટણ ચાલુ રાખતા છંછેડાયેલા વિરોધપક્ષે ધારાસભ્યોની ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની માંગણી સાથે ગૃહમાંથી વોક આઉટ કર્યો હતો. આ અગાઉ કોંગ્રેસ પક્ષના દંડક બળવંતસિંહ રાજપૂતે સુરંગ ખોદવા કયા સાધનો વપરાયા છે અને સુરંગની કેટલી માટી નીકળી તે ક્યાં નાખી તેની જાણકારી માંગી હતી. રાકેશ શાહે સાબરમતી જેલમાં બનાવવામાં આવેલા હાઈસિક્યુરીટી ઝોન કે જ્યાં ૨૦૦ ખુંખાર કેદીઓને રાખી શકાય છે તો આ કેદીઓને ત્યાં કેમ રાખવામાં આવ્યા ન હતા.

## સ્વાઈન ફ્લુનો દર્દી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લોહી અને સિરપના નમુનાઓની ચકાસણીને અંતે સ્વાઈન-ફ્લુ પોઝીટીવ હોવાનું જણાયું હતું.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન-ફ્લુનો આ ચોથો કેસ નોંધાયો છે. હાલ શહેરના સે. ૧૨માંથી મળી આવેલ કેસ અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ છે.

નવો મળી આવેલ કેસના દર્દી તેમજ અમદાવાદ ખાતે સારવાર લઈ રહેલ બન્નેની તબિયત સ્થિર હોવાનું આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં નોંધાયેલા ચારેય દર્દીઓ મહિલાઓ નોંધાઈ છે તે પણ નોંધનીય છે.

**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને ક. વિભાગ**
**ઓનલાઈન ટેન્ડર નિવિદા નં.૭ સને ૨૦૧૨-૧૩**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી, ધરોઈ મુખ્યબંધ વિભાદ નં.૧, ધરોઈ કોલોની જી. મહેસાણા દ્વારા નીચે જણાવેલ કામો માટે 'ઈ-૨ અને ઉપરની' શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના સામો માટે ઓનલાઈન ટેન્ડર 'ઈ' ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. સાધનિક દસ્તાવેજો ચકાસણી અર્થે રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા જ સ્વીકારવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | કામનું નામ તથા | (૧) ધરોઈ મુખ્યબંધ વિભાગમાં લગતા જુદા જુદા કામો કુલ અંદાજીત રકમ રૂ. ૩૬.૦૨ લાખ સુધીના કામો અંગે |
| ૨. | ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૮/૨/૨૦૧૩ સમય ૧૮.૦૦ કલાક સુધી |
| ૩. | કચેરીનું સરનામું, ટેલીફોન અને ફેક્સ નંબર | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી ધરોઈ મુખ્ય બંધ વિભાગ નં.૧, ધરોઈ કોલોની, તા. સતલાસણા ફોન નં. ૦૨૭૬૧-૨૬૨૦૦૧ (ઓ) |
| ૪. | વધુ જાણકારી માટે www.statetenders.com અને www.nprocure.comનો સંપર્ક કરવો. | |

ક્રમાંક : નામાનિ/મહે/૪૨૪/૧૨/૧૩

## માતૃભાષા દિવસની

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ, સેકટર-૨૫માં હરિકૃષ્ણ પાઠકના મુખ્ય મહેમાન પદે માતૃભાષાના મહિમા વિશેનું મનનીય વક્તવ્ય યોજાયું હતું. ત્યારબાદ બાળકો સાથેની પ્રશ્નોત્તરી યોજાઈ હતી. કલ્ચરલ ફોરમના પ્રતિનિધિ ભરત દવેએ આ પ્રસંગે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી અંગે કાર્યક્રમની ભૂમિકાનો ખ્યાલ વિસ્તૃત આપ્યો હતો. શાળાના આચાર્યા જયાબહેને સ્વાગત પ્રવચન કર્યું હતું. ટ્રસ્ટી વિશેષ દરજી એમ.ડી. ગોપાલભાઈએ શુભેચ્છા આપી હતી અને સંચાલન યોગેન્દ્રભાઈ સગરે કર્યું હતું.

### ● મનની અભિવ્યક્તિ દર્શાવવા માતૃભાષાથી સરળ અને સહજતાથી સમજાવી શકાય : રાઘવજી માધડ

ગાંધીજીએ માતૃભાષાને 'દૂધભાષા' કહેલી અને માણસનાં મનમાં



જે વિચાર આવે એ માતૃભાષામાં જ આવતા હોય છે... આવી સુંદર વાત સાહિત્યક્ષેત્રે જેમનાં ૨૫થી વધુ પુસ્તકો પ્રકાશીત થયા છે અને શિક્ષણક્ષેત્રે જેમનો અતૂટ નાતો છે એવા રાઘવજી માધડે સે. ૫માં આવેલી પ્રેરણા સ્કૂલના વિદ્યાર્થીઓને કહી.

પ્રેરણા સ્કૂલમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી માટે સ્વેચ્છાએ વિદ્યાર્થીઓ આવીને બેસેલા. આવનાર મહેમાનોનું સૂતરની આંટીથી સ્વાગત કરાયું અને ગુજરાતી પ્રાર્થના અને કવિતાઓથી ગુજરાતીના ગુણગાન ગવાયાં. કલ્ચરલ ફોરમ વતી પધારેલા ગાંધીનગર સમાચારનાં કટાર લેખક સંજય થોરાતે અકબર-બીરબલની વાર્તા સાથે માતૃભાષા કેવી રીતે ઓળખી શકાય એની વાત કહી. આપણી માતૃભાષા સારી અને અંગ્રેજી ખરાબ એ વાતનો ગોટાળો એમણે સહજ આપ્યો. દરેકને પોતાની માતૃભાષા વહાલી જ હોય અને માતૃભાષાની આગવી ઓળખ પણ હોય.

વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે માતૃભાષાનું જ્ઞાન અતિ આવશ્યક છે એવું જણાવતાં રાઘવજીભાઈએ કીધું કે સારૂ પેપર લખવા, સારાં માર્કસ લાવવા પણ જો માતૃભાષા આવડે તો આપોઆપ અંગ્રેજી આવડી જાય. એક પુસ્તક મેળામાં મળેલા યુવાને એમ કહ્યું કે 'ભણવા સિવાયનાં પણ વાંચવાના પુસ્તકો હોય એ મને આજે ખબર પડી' જેવી મામીંક ટકોરથી સહુને વાંચવા પ્રતિ રૂચી કેળવવા કહ્યું.

પ્રેરણા વિદ્યાલયનાં આચાર્યા સ્વાતિબા રાઓલનાં માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ સુંદરતાથી પાર પડ્યો. વિવિધ લેખકોના પુસ્તકોથી શણગારેલું ટેબલ, ગુજરાતી માતૃભાષાના મહત્વ દર્શાવતા અને રાઘવજી માધડ માટે બનાવેલા ચાર્ટ એમને પ્રસંગ ઉજવવાની અનેરી હોંશ છતી કરતી હતી. શાળાના સુપરવાઈઝર મનીષભાઈ ખત્રીએ કાર્યક્રમ માટે આભારવિધિ કરી શાળામાં વિદ્યાર્થીઓ સિવાય વાલીઓ અને સોસાયટીનાં સભ્યો માટે લાયબ્રેરી વિકસાવી છે એવી વાત કરી. રાઘવજી માધડ અને સંજય થોરાતની તદન હળવીશૈલીની વાતોથી વિદ્યાર્થીઓને મજા પડી ગઈ.

### ● કડકડતી ઠંડીમાં જે હૂંફ આપે તે માતૃભાષા : અંકિત ત્રિવેદી

વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ગાંધીનગરની વી.પી.એમ.પી. પોલીટેકનિક કોલેજમાં જાણીતા સર્જક અને યુવા કવિશ્રી અંકિત ત્રિવેદીનું વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે પોતાની આગવી શૈલીમાં માતૃભાષાનો મહિમા ગાન કરી જણાવ્યું કે, કડકડતી ઠંડીમાં જે હૂંફ આપે તે માતૃભાષા છે.'

ગાંધીનગરની જાણીતી સંસ્થા કલ્ચરલ ફોરમના ઉપક્રમે વી.પી.એમ.પી.પોલીટેકનીક કોલેજમાં યુવા સર્જક અંકિત ત્રિવેદીનું વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે માતૃભાષાના ગૌરવનું ગાન કરતા જણાવ્યું કે, માતૃભાષા આપણી દૂધ ભાષા છે. એટલે કે એમાં ધાવણની સુગંધ ભળેલી છે. મિલ્ટન, શેલી વગેરે વાંચવા ગમે પણ નરસિંહની તોલે કોઈ ન આવે. માતૃભાષા સાથેનો સંદર્ભ આપણને મા ના ગર્ભમાંથી મળે છે. દરેક વિદ્યાર્થી જો માતૃભાષામાં રોજનું એક પાનુ પણ વાંચે તો એના જીવનનો ઓપ બદલાઈ જશે. સમગ્ર કાર્યક્રમમાં કલ્ચરલ ફોરમ સંસ્થાવતી પંકજ દેસાઈએ પ્રાસંગિક સંબોધન કર્યુ હતું. મનિષ વ્યાસ અને નયના રંગવાલાએ કાર્યક્રમ આયોજન કર્યું હતું. ડાયરેક્ટર ડી.ટી. કાપડિયા, આચાર્ય એ.જે. પટેલ ખાસ હાજર રહ્યા હતા.

### ● દુનિયામાં સૌથી શ્રેષ્ઠ એ માતૃભાષા : ધ્વનિલ પારેખ

વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી ટાણે ગાંધીનગરના યુવા સાહિત્યકાર ધ્વનિલ પારેખે માતૃભાષાના ગૌરવ વિશે વક્તવ્ય આપતા મુંબઈના કવિ ઉદયન ઠક્કરની 'માતૃભાષા ખોવાયેલ છે' રચના વિશે બાળકોને રમુજભરી વાત કરી માતૃભાષાને બચાવવાની વાત કરી યુનેસ્કોએ વિશ્વ માતૃભાષાની શા માટે હિમાયત કરી ? તેની વિગતો આપી હતી. માતૃભાષા વિશે વાત કરતા ધ્વનિલ પારેખે જણાવ્યું હતું કે આ જગતમાં આદિમાનવ ઈંગિત દ્વારા વાત કરતો હતો બાદમાં ધીમે ધીમે ભાષાની શોધ કરી તેથી અન્ય પશુઓ કરતા જુદા પડ્યો માણસ. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે તમને જે ભાષામાં સપનું આવે, વિચાર આવે તમે સરળતાથી સમજાવી શકો અને વાત કરી શકો તે છે. માતૃભાષા. વર્તમાનમાં હોટલ, મોલ, કોલેજ સહિતના સ્થળોએ અથવા તો રીક્ષા, બસ કે રેલવેમાં મુસાફરી ટાણે બે ગુજરાતી ભેગા થાય છે ત્યારે હિન્દીમાં વાર્તાલાપ કરે છે. તેને બદલે બે ગુજરાતી ભેગા થાય છે ત્યારે ગૌરવભેર ગુજરાતી ભાષામાં વાત કરે, બોલે અને તેને વાંચવાનો આઆગ્રહ રાખવો. આ પ્રસંગે આશાબેન સરવૈયા, સેંધાભાઈ ચૌધરી સહિત શિક્ષિકાઓ ઉપસ્થિત રહી હતી.

### ● માતૃભાષાએ સંસ્કારની ભાષા છેઃ રતિલાલ બોરીસાગર

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ રાંધેજા ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી પ્રસંગે જાણીતા સાહિત્યકાર અને હાસ્ય લેખક એવા રતિલાલ બોરીસાગર ઉપસ્થિત રહ્યાં હતાં. તેમનું સ્વાગત કલ્ચરલ ફોરમના સભ્યો સી.એલ. મહેતા, સુકેતુ મહેતા અને શાળાના ટ્રસ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગને દિપાવતા રતિલાલ બોરીસાગરએ માતૃભાષાનો મહિમા ખૂબ જ વિસ્તાર પૂર્વક સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, હું આજે એક અધિકારી નહિ પરંતુ એક શિક્ષક તરીકે સમજાવવા આવ્યો છું. તેમણે ૨૧મી ફેબ્રુઆરીના દિવસે માતૃભાષા દિન કેમ ઉજવાય છે. તેની વિસ્તૃત માહિતી બાળકોને આપી હતી. તેમાં તેમણે જણાવ્યું હતું કે, પૂર્વ પાકિસ્તાન વિસ્તારમાં બંગાળી ભાષાને બદલે ઉદ્‌ભાષાનું ચલણ ચલાવવા માટે સરકાર દ્વારા દબાણ કરવામાં આવતું હતું અને તેનો વિરોધ કરતા ચાર લોકોએ બલિદાન આપ્યું હતું. તે શહિદોની યાદમાં ૨૧ ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અંગ્રેજી ભાષાના આક્રમણ સામે ગુજરાતી ભાષા હાસિયાંમાં ધકેલાઈ છે. અને તેને બચાવવીએ આપણી ફરજ છે. ગુજરાતી ભાષા આપણીમાં છે. હિન્દી આપણી માસી છે. અને અંગ્રેજી ભાષા એ આપણી પડોશમાં રહેતી વ્યવસ્થિત પડોસણ છે. અને પડોશી સાથે વ્યવહાર સાચવવો જોઈએ. પરંતુ ઘરની માંને મુકીને નહીં. ભારતના પ્રાચિન ગ્રંથોમાં પણ માં નું મહત્વ સમજાવ્યું છે. રામાયણમાં જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ઉત્તમ ગણાવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માતૃભાષા જ કેમ કહેવાય છે. પિતૃભાષા કેમ નહીં કારણ કે માતા સાથે પ્રેમ હોય છે. અને પિતા માટે આદર હોય છે. તેમણે બાળકોને સંકલ્પ લેવડાવ્યો હતો કે રોજનું પંદર મિનિટ ઈત્તર વાંચન કરીશું તેમણે છેલ્લે જણાવ્યું હતું કે, આપણામાં સૂરજ જેટલી શક્તિ ભલેના હોય પરંતુ કોડીયા જેટલું કામ તો અવશ્ય કરવું જ જોઈએ.

### ● માતૃભાષાથી અળગા રહી આપણે સંસ્કૃતિથી દૂર થઈ રહ્યા છીએઃ રાજેન્દ્ર પટેલ

આપણી માતૃભાષાથી દૂર જઈએ છીએ તો એમ લાગે છે કે આપણી સંસ્કૃતિથી અને સંસ્કારોથી દૂર જઈ રહ્યાં છીએ તેમ સાહિત્યકાર રાજેન્દ્ર પટેલે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે શહેરની સેક્ટર-૧૬માં આવેલ મહાત્મા ગાંધી વિદ્યાલય મંદિર ખાતે જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત સાહિત્યકાર રાજેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણા સપનાની ભાષા ગુજરાતી છે. જે વ્યક્તિ માતૃભાષાને અવગણે છે. તે રાષ્ટ્રનો દ્રોહ કરે છે. ગુજરાતી ભાષાથી દૂર જતો માણસ સંસ્કારો અને સંસ્કૃતિથી દૂર જાય છે. અને નજીક આવતી વ્યક્તિ સર્જનાત્મક અને સફળ બને છે. વધુમાં તેમણે ઉપસ્થિત બાળકોને ભાષા વિકાસના ચાર કૌશલ્યો જણાવ્યા હતા. જેમાં બોલવાથી સ્વર કેળવણી કેળવાય છે. સાંભળવાથી માતૃભાષા સારી બને છે. અને અભિવ્યક્તિ સારી થાય છે. ગુજરાતીમાં વ્યવહાર કરીએ બને તેટલા શબ્દો ટાળીયે. લખવાથી ક્રિયાશીલતા અને સર્જનાત્મક બની શકો રોજ વાંચવું વાંચવાની ટેવ રાખવી જીવનાં ગુજરાતી ભાષાના આ ચાર કૌશલ્યો લાવીયે તો જીવન સફળ બને અને માતૃભાષાને પ્રેમ કરશો તો વિશ્વ તમને પ્રેમ કરશે. ઉપરાંત બાળકોને દર મહિનાની તા. ૨૧મી એ ૨ પત્ર ગુજરાતીમાં લખવા તેવો સંકલ્પ સાથે શપથ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં અતુલભાઈ અમીન, સેક્ટર-૧૬, મહાત્માગાંધી વિદ્યામંદિરના આચાર્ય પદ્માબેન, ઉમેશભ્હી પરમાર સહિત અન્ય શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### ● જે ભાષામાં સપનાં આવે તે જ સાચી ભાષા માતૃભાષા ગણાય : ડો. કેશુભાઈ દેસાઈ

આદર્શ નિવાસી શાળા સેક્ટર-૮ અને સેક્ટર-૩૦ના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૮ની આદર્શ નિવાસી શાળામાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના સહયોગથી વિશ્વ માતૃભાષા દિને સાહિત્ય ગોષ્ઠી યોજાઈ હતી. જેમાં સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ માતૃભાષાના મહિમા વિશે મનનીય પ્રવચન આપતા જણાવ્યું કે, 'જે ભાષામાં સપનાં આવે તે જ સાચી ભાષા - માતૃભાષા ગણાય.



માતૃભાષાના માધ્યમથી શિક્ષણ આપવાથી બાળકોનો સર્વાંગીણ વિકાસ થાય છે. તે મશીન નહી પરંતુ સાચો માનવ બની શકે છે. માતૃભાષાની ગરિમા વિશે તેમણે જણાવ્યું કે, ભાષાના નામે તો એક આખુ રાષ્ટ્ર પણ અસ્તિત્વમાં આવી શકે. બાંગ્લાદેશનો જન્મ માતૃભાષાના ગૌરવ અને અસ્મિતાની રખેવાળી નિમિત્તે જ થયો હતો. માતૃભાષામાં શિક્ષણ મેળવવા બાબતે કોઈ પણ લઘુતાગ્રંથિ રાખવાની જરૂર નથી તેમ પણ તેઓએ જણાવ્યું. તેમણે નોંધ્યું, માણસ માત્ર પર મા, માતૃભૂમિ અને માતૃભાષાનું ઋણ હોય છે. ૨૧મી સદીનું નેતૃત્વ કરવાની ક્ષમતા ધરતી સાથે જોડાયેલા ભારતીય શ્રમિક સમાજના તરુણો જ કરી શકશે. ગિર ગૂર્જરીને વિશ્વગૂર્જરી બનાવવા માટે દરેક ગુજરાતીએ કમર કસવી જ રહી...

કાર્યક્રમનું સંચાલન ગાયત્રીબહેન વૈદ્યે, સ્વાગત પ્રવચન બાબુભાઈ બારીયાએ તથા કાર્યક્રમની રૂપરેખા કલ્ચરલ ફોરમના પ્રતિનિધિ ભાવિન પટેલે રજૂ કરી હતી. આચાર્ય મણિબહેને મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. માતૃતાપ્ત દિનની ઉજવણી અન્વયે સાહિત્યકાર ભિમેશ ભટ્ટ, નટવર હેડાઉ, માક્ષી હાથી, હરદ્વાર ગોસ્વામીએ પણ શાળાના વિદ્યાર્થીઓને માતૃભાષાનું મહત્વ સમજાવી ભાષાનું ગૌરવ જાળવવા ગોષ્ઠી કરી હતી.